# ગુજરાત સરકાર

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો નો વિભાગ

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

## પહેલો વાર્ષિક અહેવાલ-૨૦૧૭-૧૮

‘‘અન્ન ભવન’’ ટાઉન હોલની બાજુમાં સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નંબર.(૦૭૯) ૨૩૨ ૫૮૪૮૩/૮૫ **E-mail ID: sfc-gujarat@gujarat.gov.in**

**Website: https://foodcommission.gujarat.gov.in**

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ




**''અન્ન ભવન'' ટાઉન હોલની બાજુમાં સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭**

**ફોન નંબર.(૦૭૯) ૨૩૨ ૫૮૪૮૩/૮૫ E-mail ID: sfc-gujarat@gujarat.gov.in**

**Website: https://foodcommission.gujarat.gov.in**



# સંદેશ

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ-૧૬ અને કલમ-૪૦ ની જોગવાઇ મુજબ ગુજરાત રાજ્ય અન્ન આયોગના કાર્યરીતિ અંગેના નિયમો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતનો વિભાગના તા.૨૬/૧૦/૨૦૧૬ના જાહેરનામાં ક્રમાંક-GTH/2016/36/PDS/102016/2086/ C1થી બહાર પાડવામાં આવ્યા.

અન્ન સલામતી કાયદો-૨૦૧૩ની કલમ-૧૬ની પેટા કલમ (૧) મુજબ તથા અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો નો વિભાગનાં તા.૨૧/03/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક-GTH/2017/ 11/PDS/ 102016/1667/C1 અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગ ની રચના કરવામાં આવેલ છે.

અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતના તા.૧૩/૦૪/૨૦૧૭ તથા ૧૬/૦૪/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક-GTH/2017/12/PDS/102017/92282/C1 અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગ ના ચેરપર્સન, સભ્યશ્રીઓ તથા સભ્યસચિવશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુંટુંબોને રાઇટ ટુ ફૂડ(RTF) મેળવવાના હક્કનું સરકારી તંત્ર દ્વારા સુનિશ્ચિત રીતે અમલ થાય તે માટે ખૂબ જવાબદારી પૂર્વક કાર્યવાહી કરવા તેમજ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA) અન્વયે છેવાડાના નાગરિકને નિયત જથ્થામાં અને સમયસર અનાજ મળી રહે અને  રાજ્યનો કોઇપણ નાગરીક ભૂખ્યો ન રહે અને દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા નાગરિકોને પણ વાજબીભાવના દુકાનદારશ્રી તરફથી અનાજ નો જથ્થો પુરતા પ્રમાણમાં અને સમયસર મળી રહે તેમજ મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્રોના બાળકોને તેમજ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને નિયમિત રીતે સરકાર દ્વારા નિયત કરેલ મેનુ મુજબનું સારૂ ગુણવતા વાળુ અને પુરતુ ભોજન મળી રહે તે અંગે કાર્ય કરવા ગુજરાત રાજ્ય અન્ન આયોગ સતત પ્રયત્નશીલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA)નો ચુસ્તપણે અમલ થાય અને કોઇ વ્યક્તિ અનાજથી તથા આહારથી વંચિત ન રહી જાય તેનુ ચુસ્તપણે અમલીકરણ કરવા માટે ગુજરાત રાજ્ય અન્ન આયોગ પ્રતિબધ્ધ છે.

ગાંધીનગર.
તા.૨૯/૧૧/૨૦૧૮

કમલ દયાની,આઇ.એ.એસ.
અધ્યક્ષશ્રી,
ગુજરાત રાજ્ય અન્ન આયોગ
ગાંધીનગર

# અનુક્રમણિકા

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ગુજરાત રાજય અન્ન આયોગનો પરિચય | ૫ |
| ૨ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની અલાયદી કચેરી અને સુવિધાઓની માહિતી | ૮ |
| ૩ | ગુજરાત રાજય અન્ન આયોગની રચના | ૯ |
| ૪ | ગુજરાત રાજય અન્ન આયોગની કામગીરી | ૧૧ |
| ૫ | ગુજરાત રાજય અન્ન આયોગને બારોબાર મળેલ ફરિયાદોની વિગતો | ૧૩ |
| ૬ | ગુજરાત રાજય અન્ન આયોગની જિલ્લા કક્ષાએ મળેલ સમીક્ષા બેઠકોની વિગતો | ૧૫ |
| ૭ | ગુજરાત રાજય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો | ૨૦ |
| ૮ | ગુજરાત રાજય અન્ન આયોગ દ્વારા મોડલ FPS ની મુલાકાત | ૨૧ |
| ૯ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની વેબસાઇટ | ૨૩ |
| ૧૦ | ગુજરાત રાજ્ય અન્ન આયોગનું બજેટ | ૨૩ |
| ૧૧ | માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ બાબત | ૨૪ |
| ૧૨ | જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રીઓ ના ટેલિફોન નંબર, E-mail ID ની વિગતો દર્શાવતું પત્રક-એનેક્ષ્ચર-૧ | ૨૫ |


# ગુજરાત રાજય અન્ન આયોગનો પરિચય

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ની અમલવારી થતાં સદર કાયદાનાં લાભાર્થીઓને સરકારશ્રી દ્વારા નિયત કરેલ ભાવ પ્રમાણે, પૂરતા પ્રમાણમાં અનાજ મળી રહે અને કોઈ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન

રહી જાય તથા મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને સરકારશ્રી દ્વારા નિયત કરેલ મેનુ મુજબનો આહાર મળી રહે તથા આંગણવાડી કેન્દ્રો પર બાળકોને તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર મળી રહે અને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩નો સારી રીતે અમલ થાય તે માટે મોનીટરીંગ અને સમિક્ષા કરવા માટે તેમજ આ કાયદા હેઠળના લાભાર્થીઓને કાયદા અનુસાર મળવા પાત્ર અનાજ/આહાર તથા તેને આનુસંગીક ફરીયાદોના નિવારણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીશ્રીના નિર્ણયથી અસંતૃષ્ઠ હોય તો અપીલ અથવા સીધી ફરીયાદ કરી શકાય તે માટે રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજય અન્ન આયોગની તા.૨૧/03/૨૦૧૭ના જાહેરનામાં ક્રમાંક-**GTH/2017/11/PDS/102016/1667/C1**થી રચના કરવામાં આવેલ અને તા.૧૦/૦૫/૨૦૧૭ ના રોજ ગુજરાત રાજ્ય અન્ન આયોગના "અન્ન ભવન" ખાતે શુભારંભ તથા લોકોને માનભેર જીવવામાટે પોષણક્ષમ ભાવથી ગુણવત્તાવાળું પૂરતું અન્ન મળી રહે તે માટે કાયદાની જોગવાઇઓ અને આયોગની કામગીરી સંદર્ભે રાજયનાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની ફરીયાદોના નિવારણ માટે જરૂરી માર્ગદશન આપવા માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષ સ્થાને પરિસંવાદ કાર્યક્રમનુંપણ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં રાજ્યનાં માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માન.નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, માન.મંત્રીશ્રી જયેશ રાદડિયા (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબત), માનનીય સંસદીય સચિવશ્રી શામજીભાઇ ચૌહાણ, મુખ્યસચિવશ્રી જે.એન.સિંઘ, અધિક મુખ્યસચિવશ્રી શ્રીમતી સંગીતા સિંઘ, ઉપરાંત સમગ્ર રાજયમાંથી દરેક જિલ્લા-તાલુકા પુરવઠા સલાહકાર સમિતિનાં સભ્યશ્રીઓ

તેમજ અંત્યોદય બી.પી.એલ રેશનકાર્ડ હોલ્ડરો આશરે બે હજાર ઉપરાંતની સંખ્યામાં હાજર રહેલ હતા. માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માન.મંત્રીશ્રી જયેશ રાદડિયા(અ.ના.પુ.અને ગ્રા.બા. વિભાગ), માન.અધ્યક્ષશ્રી ભુપેન્દ્ર લાખાવાલા(ગુજરાત રાજ્ય અન્ન આયોગ)તથા માન.સભ્યસચિવશ્રી એમ.એ.નરમાવાલા(ગુજરાત રાજ્ય અન્ન આયોગ)એ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ ની જોગવાઇઓ અને તે અન્વયે રચાયેલ ગુજરાત રાજ્ય અન્ન આયોગની કામગીરી બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપેલ હતુ.








## ગુજરાત રાજ્ય અન્ન આયોગની અલાયદી કચેરી અને સુવિધાઓની માહિતી:-

ગુજરાતરાજ્ય અન્ન આયોગની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ટાઉનહોલ, ગાંધીનગર નજીક અલાયદી કચેરી ફાળવવામાં આવેલ છે અને તેમાંચેરપર્સનશ્રી, સભ્યસચિવશ્રી તથા સભ્યશ્રીઓ માટે સ્વતંત્ર કેબિનો ઉપલબ્ધ છે. તદ્દઉપરાંતગુજરાતરાજ્ય અન્ન આયોગ ખાતે અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલ અપીલો તથા સુઓ-મોટો કેસોની સુનાવણીની કાર્યવાહી હાથ ધરી શકાય તે માટે અદ્યતન કોર્ટરૂમની પણ સુવિધા ઉપલબ્ધ છે.

ઉપરાંત ચેરપર્સનશ્રી,સભ્યસચિવશ્રી અને સભ્યશ્રીઓ ની કેબિનમાં તેમજ વર્ક સ્ટેશનમાં કમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, ફ્રેંકિંગ મશીન તથા GSWAN ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

# ગુજરાત રાજય અન્ન આયોગની રચના

- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ-૧૬ અને કલમ-૪૦ ની જોગવાઇ મુજબ ગુજરાત રાજય અન્ન આયોગના કાર્યરીતિ અંગેના નિયમો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતનો વિભાગના તા.૨૬/૧૦/૨૦૧૬ ના જાહેરનામાં ક્રમાંક-**GTH/2016/36/PDS/102016/2086/C1**થી બહાર પાડવામાં આવ્યા.
- અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના તારીખ ૨૫/૧૧/૨૦૧૬નાં જાહેરનામા અન્વયે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમના હેતુ માટે સંબંધિત જિલ્લાનાં નિવાસી અધિક ક્લેકટર(આર.એ.સી.)નેજિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે મુકરર કરેલ છે. અને અમદાવાદ જિલ્લાનાં નિવાસી અધિક કલેકટર (આર.એ.સી.)ને અન્ન નિયંત્રક અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી અમદાવાદ શહેર માટે જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે પણ મુકરર કરેલ છે. **(એનેક્ષ્ચર-૧)**

- અન્ન સલામતી કાયદા-૨૦૧૩ની કલમ-૧૬ની પેટા કલમ (૧) મુજબ તથા અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનાં તા.૨૧/૦૩/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક-GTH/2017/11/PDS/102016/1667/C1 અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે.

- અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતના તા.૧૩/૦૪/૨૦૧૭ તથા ૧૬/૦૪/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક-GTH/2017/12/PDS/102017/92282/C1 અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગ ના ચેરપર્સન, સભ્યશ્રીઓ તથા સભ્યસચિવશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ છે.

- ગુજરાત રાજ્ય અન્ન આયોગના માન.ચેરપર્સનશ્રી, માન.સભ્યસચિવશ્રી તથા માન.સભ્યશ્રીઓ ની વિગતો નીચે મુજબ છે:-

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી ભુપેન્દ્ર લાખાવાલા | ચેરપર્સન |
| ૨ | શ્રી એમ.એ.નરમાવાલા.આઇ.એ.એસ.(નિ.) | સભ્યસચિવશ્રી |
| ૩ | શ્રી દિનેશ કારિયા | સભ્યશ્રી |
| ૪ | શ્રી નિરંજન ઝાંઝમેરા | સભ્યશ્રી |
| ૫ | શ્રી નીતિન શાહ | સભ્યશ્રી |
| ૬ | શ્રીમતી દર્શનાબેન દેશમુખ | સભ્યશ્રી |
| ૭ | શ્રીમતી વંદનાબેન મકવાણા | સભ્યશ્રી |

- માન.અધ્યક્ષશ્રી, માન.સભ્યસચિવશ્રી અને માન.સભ્યશ્રીઓની નિયુક્તિની બોલીઓ અને શરતો અન્નનાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગનાં તા.૧૮/૦૯/૨૦૧૭નાંજાહેરનામાક્રમાંક-GTH/2017/23/PDS/102016/2572/C1થી નક્કી કરવામાં આવેલ છે.

- ગુજરાત રાજય અન્ન આયોગની કચેરી માટે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો ના વિભાગ દ્વારા મહેકમ મંજુર કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે:-

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી આસવ પી. ગઢવી | ઉપસચિવશ્રી |
| ૨ | શ્રી આઇ.યુ.નાયક | સેકશન અધિકારી |
| ૩ | શ્રી સંદિપસિંહ એન. ગોહિલ | નાયબ સેકશન અધિકારી |
| ૪ | શ્રી મહેશભાઇ ટી. સોંદરવા | ઓફીસ આસિસ્ટન્ટ |
| ૫ | શ્રી અમિત એસ. પટેલ | સબ-ઓડીટર |

# ગુજરાત રાજય અન્ન આયોગની કામગીરી

અન્ન અને નાગરીકપુરવઠા વિભાગનાં તા.૨૧/03/૨૦૧૭નાં જાહેરનામાંથી ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે સદર કાયદાના લાભાર્થીઓને વ્યાજબી ભાવની દુકાનમાંથી પુરતા પ્રમાણમાં નિયત ભાવે રૂ. ૨/- પ્રતિ કિલો ઘઉં અને રૂ. ૩/- પ્રતિ કિલો ચોખા મળી રહે અને કોઇ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય અને કાયદાનો સારી રીતે અમલ થાય એ માટે મોનિટરીંગ અને સમિક્ષા કરવાની કામગીરી આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે. કાર્ડ હોલ્ડર નિયત ભાવે મળવાપાત્ર અનાજ ન મળવા બાબતે, ઓછું અનાજ મળવા બાબતે તથારાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અન્વયે લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની ફરીયાદ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી તરીકે નિયુક્ત કરેલ જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રીને કરી શકે છે. તથા લાભાર્થીઓ તેમના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો તે સંદર્ભે રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગરને અપીલ કરવાની જોગવાઇ કાયદામાં થયેલ છે. તદ્દઉપરાંત ગુજરાત રાજ્ય અન્ન આયોગ તેને મળેલ ફરીયાદો અન્વયે સુઓ-મોટો કાર્યવાહી પણ કરી શકે છે.

મધ્યાહનભોજન યોજના અન્વયે સરકાર દ્વારા નિયત કરેલ મેનું મુજબનું સારૂ ગુણવત્તાવાળું અને પૂરતુ ભોજન મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરિયાદોનાં નિવારણ માટે જિલ્લા કક્ષાએ DGRO તરીકે શિક્ષણ

વિભાગ દ્વારા નિવાસી અધિક કલેક્ટરશ્રીની નિમણૂંક અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આંગણવાડી કેન્દ્રની યોજનાઓ અન્વયે સગર્ભા અને ધાત્રી મહિલાઓને તથા આંગણવાડીનાં બાળકોને સરકારશ્રીએ નિયત કરેલ પોષણક્ષમ આહાર મળવા અંગેની ફરિયાદોનાં નિવારણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ DGRO તરીકે જિલ્લા પંચાયતનાં વર્ગ-૧ કક્ષાનાં અધિકારીશ્રીની નિમણૂંક કરવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ગુજરાત રાજય અન્ન આયોગને બારોબાર મળેલ ફરિયાદોની વિગતો:-

આયોગને તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં લાભાર્થીઓ તરફથી અનાજ ન મળવા બાબતની તેમજ અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળલાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની કુલ-૨૬ ફરીયાદો બારોબાર મળેલ હતી. જે ફરિયાદો અંગે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રી પાસેથી અહેવાલો મેળવવામાં આવેલ અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે.

આયોગને બારોબાર મળેલ ઉપરોકત ફરિયાદો પૈકી નીચે મુજબના બે કિસ્સામા આયોગ દ્વારા સુઓ-મોટો કાર્યવાહી કરવામા આવેલ છે.

(૧) ૯૦ ટકા અશક્તતા ધરાવતા અને અમદાવાદના રહેવાસી શ્રીઅશોક કુમાર મણીલાલ પટેલે તેમને રાશન કાર્ડ ન મળવા બાબતે તથા છેલ્લા ૬(છ) માસથી સરકારશ્રી દ્વારા નિશ્રિત કરેલ જથ્થા મુજબનું અનાજ પ્રાપ્ત થતું ન હોવા અંગે ગુજરાત રાજ્ય અન્ન આયોગ ગાંધીનગર ખાતે ફરીયાદ કરેલ. જે અન્વયે આયોગ દ્વારા સુઓ-મોટો સુનાવણીની કાર્યવાહી હાથ ધરી ગુજરાત રાજ્ય અન્ન આયોગ ખાતે ફરીયાદી, અધિક નિવાસી કલેકટરશ્રી, અમદાવાદ અને અન્ન નિયંત્રકશ્રી, અમદાવાદને સમન્સ પાઠવી સુનાવણી હાથ ધરવામાં આવેલ.

ફરીયાદી પોતે ૯૦ ટકા અશક્તતા ધરાવતાં હોવાં છતાં હાજર રહેલ અને કોર્ટ રૂમમાં હાજર રહેવાની અશક્તતા હોવાથી ગુજરાત રાજ્ય અન્ન આયોગના અધ્યક્ષશ્રી ભુપેન્દ્ર લાખાવાલા, સભ્યસચિવશ્રી એમ.એ.નરમાવાલા તેમજ સભ્યશ્રી નિતિન શાહ દ્વારા ફરિયાદીને આયોગની ઓફીસની નીચે તેઓ જે વાહનમાં બેઠા હતાં ત્યાં રૂબરૂમાં સાંભળવામાં આવેલ અને બન્ને

પક્ષોને સાંભળ્યા પછી અને લેખિત નિવેદન પછી શ્રી અશોકકુમાર મણીલાલ પટેલને તેઓને કાર્ડમાં મળવાપાત્ર અનાજનો જથ્થો ઉપલબ્ધ બને તે સુનિશ્ચિત કરવા તથા અરજદારશ્રીની અરજી અન્વયે થયેલ વિલંબ બાબતે યોગ્ય પગલાં લેવા માટે તથા આ પ્રકારની અન્ય અરજીઓનો પણ સમય મર્યાદામાં નિકાલ થાય તેની કાળજી રાખવા અધિક નિવાસી કલેકટરશ્રી, અમદાવાદ અને અન્ન નિયંત્રકશ્રી, અમદાવાદને હુકમ કરવામાં આવેલ છે.

(૨) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ગામ-કલકના રહીશ છોટુભાઇ વાઘરીને તેઓ અન્ન સલામતિ કાયદા હેઠળ અનાજ મેળવવાપાત્ર હોવા છતાં અનાજ મળતું નથી તેવી ફરીયાદ કરતાં સદર અરજીની સુઓ-મોટો સુનાવણી હાથ ધરેલ હતી. જે અન્વયે મામલતદારશ્રી જંબુસરે અરજદાર ના રહેઠાણની રૂબરૂ મુલાકાત લઇ રી-સર્વે કરી તેઓ અન્ન સલામતિ કાયદા હેઠળ અનાજ મેળવવા પાત્રતા ધરાવતા હોઇ સદર કાયદા હેઠળ સમાવેશ કરવા જરૂરી કાર્યવાહી કરી તેઓનો સમાવેશ સદર કાયદા હેઠળ કરી મળવાપાત્ર અનાજનો જથ્થો નિયમિત મળતો રહે તેવી વ્યવસ્થા કરવા અંગે આયોગ દ્વારા હુકમ કરવામા આવેલ છે.

## ગુજરાત રાજય અન્ન આયોગની જિલ્લા કક્ષાએ મળેલ સમીક્ષા બેઠકોની વિગતો:-

| ક્રમ | જિલ્લા | તારીખ |
|---|---|---|
| ૧ | વડોદરા | તા.૨૮/૧૨/૨૦૧૭ |
| ૨ | રાજકોટ | તા.૦૪/૦૧/૨૦૧૮ |
| ૩ | અમદાવાદ | તા.૧૧/૦૧/૨૦૧૮ |
| ૪ | સુરત | તા.૧૬/૦૧/૨૦૧૮ |
| ૫ | અરવ્વલી | તા.૩૦/૦૧/૨૦૧૮ |
| ૬ | ગાંધીનગર | તા.૨૦/૦૨/૨૦૧૮ |

## તા.૨૮/૧૨/૨૦૧૭ના રોજ વડોદરા જિલ્લામાં સમીક્ષા બેઠક



## તા.૦૪/૦૧/૨૦૧૮ના રોજ રાજકોટ જિલ્લામાં સમીક્ષા બેઠક




## <u>તા.૧૬/૦૧/૨૦૧૮ના રોજ સુરત જિલ્લામાં સમીક્ષા બેઠક</u>




## <u>તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ અરવલ્લી જિલ્લામાં સમીક્ષા બેઠક</u>



**તા.૨૦/૦૨/૨૦૧૮ના રોજ ગાંધીનગર જિલ્લામાં સમીક્ષા બેઠક**



# ગુજરાત માં જિલ્લા કક્ષાએ મળેલ રીવ્યું મિટીંગની વિગતો:-

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અમલીકરણના અનુસંધાને ગુજરાત રાજ્યના વડોદરા, રાજકોટ, અમદાવાદ, સુરત, અરવલ્લી, ગાંધીનગર, કચ્છ, દેવભુમિ દ્વારકા, ભરૂચ, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાઓમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA)ની અમલીકરણની સમીક્ષા કરવા ગુજરાત રાજ્ય અન્ન આયોગના અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી તથા સભ્યશ્રીઓ દ્વારા સમિક્ષા બેઠકો યોજવામાં આવેલ છે.

ઉક્ત બેઠકોમાં સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, નિવાસી અધિક કલેકટરશ્રીઓ(DGRO), જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ, નાયબ કલેકટરશ્રીઓ(મ.ભો.યો.), જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, ઝોનલઓફીસરશ્રીઓ અને CDPOશ્રીઓ હાજર રહ્યા હતા.

ઉક્ત બેઠકોમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA)ની કામગીરી બાબતની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુંટુંબોને રાઇટ ટુ ફૂડ(RTF)મેળવવાના હક્કનું સરકારી તંત્ર દ્વારા સુનિશ્ચિત રીતે અમલ થાય તે માટે ખૂબ જવાબદારી પૂર્વક કાર્યવાહી કરવા તેમજ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA) અન્વયે છેવટના નાગરીકને નિયત જથ્થામાં અને સમયસર અનાજ મળી રહે અને  રાજ્યનો કોઇપણ નાગરીક ભૂખ્યો ન રહેઅને દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા નાગરીકોને પણ દુકાનદારશ્રી તરફથી અનાજ નો જથ્થો પુરતા પ્રમાણમાં અને સમયસર મળી રહે તે જોવા સંબંધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને માન.અધ્યક્ષશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA) હેઠળ સમાવેશ કરવા બાબતેની પડતર અરજીઓ સંદર્ભેઉક્ત લાભાર્થીઓની યાદીમાં જે કુટુંબો યોગ્યતા ધરાવતા ન હોય તેમ છતાં તેઓનો સમાવેશ થયેલ હોય તો તેઓના કાર્ડ રદ કરવા અને જે કુટુંબો યોગ્યતા ધરાવતા હોય તેવા કુટુંબોનો સમાવેશ કરવા સુચના આપવામાં આવેલ છે.

જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત વાજબી ભાવની દુકાનો પર જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી તથા ગુજરાત રાજ્ય અન્ન આયોગને ફરીયાદ કરી શકવા અંગેની જાણકારી લોકોને મળી રહે અને તેની બહોળી પ્રસિધ્ધી તથા પ્રચાર-પ્રસાર થાય તે માટે તમામ વાજબી ભાવની દુકાનો, તમામ મામલતદાર કચેરીઓ, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, કલેકટર કચેરીઓ, નગરપાલિકાઓ અને જનસુવિધા કેન્દ્રો પર સુચન કરતા બોર્ડ લગાડવા સુચના આપવામાં આવેલ.

જાહેર વિતરણ વ્યવસ્થાને લગતી ફરીયાદોના જીલ્લા કક્ષાએ નિવારણ અંગેDGRO દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે આયોગને દરેક જિલ્લામાંથી માસિક રીપોર્ટ મોકલવા, તેમજ કોઇપણ વાજબી ભાવની દુકાન બિનજરૂરી ચાર્જમાં ન રહે અને ચાર્જમાં સોંપાયેલ દુકાન મૂળ દૂકાનથી દૂર ન હોય તેની ખાસ કાળજી રાખવા અને નવી ખોલવા પાત્ર હોય તેવી વાજબીભાવની દુકાનોના જાહેરનામાં સત્વરે બહાર પાડી નવા પરવાનેદારોને સસ્તા અનાજની દુકાન ફાળવવા પણ સૂચના આપવામાં આવેલ.

મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્રોના બાળકોને તેમજ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને નિયમિત રીતે સરકાર દ્વારા નિયત કરેલ મેનુ મુજબનું સારૂ ગુણવતા વાળુ અને પુરતુ ભોજન મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરીયાદના નિવારણ માટે સક્ષમ અધિકારીશ્રીઓની માહિતી દર્શાવતું બોર્ડ તમામ મધ્યાહ્નભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો ખાતે લગાવડાવા માટે પણ સુચના આપવામાં આવેલ.

## ગુજરાત રાજય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો:-

(૧) ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર ખાતે માનનીય અધ્યક્ષશ્રીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અન્વયે તેમજ આયોગની કચેરીની કામગીરી અંગે સમીક્ષા માટે તા.૨૩/૦૫/૨૦૧૭, તા.૧૧/૦૭/૨૦૧૭, તા.૦૬/૦૯/૨૦૧૭, તા.૧૬/૧૦/૨૦૧૭, તા.૧૦/૦૧/૨૦૧૭, તા.૦૪/૦૪/૨૦૧૮મુજબ કુલ ૬(છ) બેઠકોનું આયોજન કરવામા આવેલ જેમાં તમામ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

(૨) ગુજરાત રાજ્ય અન્ન અયોગના માન.અધ્યક્ષશ્રીના અધ્યક્ષ સ્થાને તથા અગ્રસચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગની ઉપસ્થિતિમાં મધ્યાહ્ન ભોજન કમિશ્નર તથા મહિલા અને બાળ વિકાસ કમિશ્નર સાથે મીટીંગનુ આયોજન કરી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ-૨૦૧૩ની જોગવાઇ મુજબ મધ્યાહ્ન ભોજન યોજના તથા આંગણવાડી કેન્દ્રો ઉપર બાળકો તથા ગર્ભવતી અને ધાત્રી મહિલાઓને ગુણવત્તાયુક્ત પોષણક્ષમ આહાર મળી રહે તે માટે સતત તકેદારી રાખવા સબંધિત અધિકારીઓને સુચના આપવામાં આવેલ છે.

# ગુજરાત રાજય અન્ન આયોગ દ્વારા મોડલ FPS ની મુલાકાત:-

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ જાસપુર ગામ ખાતે શ્રી અમરતભાઇ પ્રજાપતિ ની મોડેલ વાજબી ભાવની દુકાનની આયોગના માન.અધ્યક્ષશ્રી, સભ્યસચિવશ્રી તથા સભ્યશ્રીઓએ તા.૧૯/૦૨/૨૦૧૮ના રોજ રૂબરૂ મુલાકાત લીધેલ હતી.

## તા.૧૯/૦૨/૨૦૧૮ના રોજ જાસપુર ગામ ખાતે FPSમુલાકાત




## તા.૧૯/૦૨/૨૦૧૮ના રોજ જાસપુર ગામ ખાતે FPSમુલાકાત



ઉક્ત મોડલ FPS ની જેમ સમગ્ર રાજયમાં અન્ય વાજબી ભાવની દુકાનો પણ મોડેલ FPS બને તે માટે સઘન પ્રયાસો કરવા અને મોડેલ FPSમાટે સરકારશ્રી તરફથી મળતી સહાય ની જાણકારી રાજ્યના તમામ વાજબી ભાવના દુકાનદારોને મળી રહે તેમ વ્યવસ્થા કરવા તમામ જિલ્લાના, જિલ્લા કલેકટરશ્રીઓ તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવેલ.

## ગુજરાત રાજ્ય અન્ન આયોગની વેબસાઇટ:-

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ના સૂચારૂ અમલીકરણ માટે લાભાર્થીઓને તેમજ જાહેર જનતાને પણ જરૂરી માહીતી ઉપલબ્ધ થાય તે

માટે સરકાર દ્વારા ગુજરાત રાજ્ય અન્ન આયોગની અદ્યતન વેબસાઇટ https://foodcommission.gujarat.gov.in/index.htm પણ ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં ડેવલપ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્ય અન્ન આયોગની પ્રવૃત્તિઓ,ઉદ્દેશો, સભ્યશ્રીઓની યાદી, અપીલો, ફરિયાદો અને સુઓ-મોટો કેસોની આંકડાકીય માહિતી, કાયદા નિયમો, જાહેરનામા, સરકારી ઠરાવ, ચુકાદાઓ, અરજીપત્રકો, અંદાજપત્રની વિગતો, ટૂંકી પ્રશ્નોત્તરી, સંપર્ક અને મીડીયા જેવી વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

## ગુજરાત રાજ્ય અન્ન આયોગનું બજેટ:-

ગુજરાત રાજય અન્ન આયોગ વર્ષ-૨૦૧૭/૧૮ માં રૂ.૩૨૯.૯૦/- લાખની બજેટ ફાળવણી થયેલ જે અન્વયેસુધારા અંદાજપત્રની જોગવાઇ રૂ.૧૪૭.૦૯/- લાખ મુજબ સંપૂર્ણ  ખર્ચ થએલ છે.

## માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ બાબત.

### કાર્યાલયનો આદેશ :-

માહિતીનો અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૫(૧) તથા કલમ-૫(૨) અને કલમ-૧૯(૧)ની જોગવાઇ અન્વયે ગુજરાત રાજય અન્ન

આયોગમાં એપલેટ અધિકારી તથા જાહેર માહિતી અધિકારી (પી.આઇ.ઓ) તરીકે નીચે મુજબના અધિકારીશ્રીઓની નિયુકિત કરવામા આવે છે.

### (૧) જાહેર માહિતી અધિકારી(PIO):-

શ્રી આઇ.યુ.નાયક
સેકશન અધિકારીશ્રી, ગુજરાત રાજય અન્ન આયોગ
"અન્ન ભવન", ટાઉન હોલની બાજુમાં સેકટર-૧૭, ગાંધીનગર.
ટેલિફોન નં. ૦૭૯-૨૩૨-૫૮૪૯૦

### (૨) એપલેટ અધિકારી:-

શ્રી એ.પી.ગઢવી
ઉપસચિવશ્રી, ગુજરાત રાજય અન્ન આયોગ
"અન્ન ભવન", ટાઉન હોલની બાજુમાં સેકટર-૧૭, ગાંધીનગર.
ટેલિફોન નં. ૦૭૯-૨૩૨-૫૮૪૯૨

# એનેક્ષ્ચર-૧

## DGRO-RAC All District of Gujarat

| Sr. No. | DISTRICT | PHONE NO. (STD Code) | E-mail |
|---|---|---|---|
| 1 | Ahmadabad | 079-27551046 | collector-ahd@gujarat.gov.in |
| 2 | Amreli | 0279-228903 | collector-amr@gujarat.gov.in |
| 3 | Anand | 02692-262040 | collector-and@gujarat.gov.in |
| 4 | Arvalli | 02774-250214 | collectoraravalli@gmail.com |
| 5 | Banaskanta | 02742-252530<br>02742-254004 | collector-ban@gujarat.gov.in |
| 6 | Bharuch | 02642-222332 | collector-bha@gujarat.gov.in |
| 7 | Bhavnagar | 0278-2421881 | collector-bav@gujarat.gov.in |
| 8 | Botad | 02849-271302 | collector-botad@gujarat.gov.in |
| 9 | Chhotaudepur | 02669-233004 | collectorchhotaudepur@gmail.com |
| 10 | Dahod | 02673-239234 | collector-dah@gujarat.gov.in |
| 11 | Dang | 02631-220221 | collector-dan@gujarat.gov.in |
| 12 | Devbhumi-Dwarka | 02833-232620<br>02833-232804 | collector-devbdwarka@gujarat.gov.in |
| 13 | Gandhinagar | 079-23259035 | collector-gnr@gujarat.gov.in |
| 14 | Gir Somnath | 02876-240003 | collectorgirsomnath@gmail.com<br>collector-girsomnath@gujarat.gov.in |
| 15 | Jamnagar | 0288-2550284 | collector-jam@gujarat.gov.in |
| 16 | Junagadh | 0285-2636666 | collector-jun@gujarat.gov.in |
| 17 | Kachchh | 02832-250650 | collector-kut@gujarat.gov.in |
| 18 | Kheda | 0268-2553336 | collector-khe@gujarat.gov.in |
| 19 | Mahisagar | 02674-250666 | collector-mah@gujarat.gov.in |
| 20 | Mehsana | 02762-22203 | collector-meh@gujarat.gov.in |
| 21 | Morbi | 02822-241602 | collector-morbi@gujarat.gov.in |
| 22 | Narmada | 02640-222326 | collector-nar@gujarat.gov.in |
| 23 | Navsari | 02637-246299 | collector-nav@gujarat.gov.in |
| 24 | Panchmahals | 02672-242450 | collector-pan@gujarat.gov.in |
| 25 | Patan | 02766-233400 | collector-pat@gujarat.gov.in |
| 26 | Porbandar | 0286-2221085 | collector-por@gujarat.gov.in |
| 27 | Rajkot | 0281-2476374 | collector-raj@gujarat.gov.in |
| 28 | Sabarkantha | 02772-246012 | collector-sab@gujarat.gov.in |
| 29 | Surat | 0261-2660011 | collector-sur@gujarat.gov.in |
| 30 | Suredranagar | 02752-285200 | collector-srn@gujarat.gov.in |
| 31 | Tapi-Vyara | 02626-224450 | collector-tapi@gujarat.gov.in |
| 32 | Vadodara | 0265-2419700 | collector-vad@gujarat.gov.in |
| 33 | Valsad | 02632-253731 | collector-val@gujarat.gov.in |